**DATE: 06/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### આરોપીને ઝઘડિયા પોલીસને સોંપવામાં આવ્યો

# મુલદ ચોકડીથી બાઈક ચોરી કરનાર વાલિયાથી ઝડપાયો

ભાસ્કરન્યૂઝ | વાલિયા

વાલિયા પોલીસે બાઈકચોરીના ગુનામાં નાસતા ફરતાં આરોપીને ઝડપી પાડયો છે. વાલિયાના પીઆઈ તોમર તથા તેમની ટીમે વાહનચેકિંગ દરમિયાન ઝઘડિયાથી વાલિયા તરફ આવતી બાઈકને રોકી યુવાનની પૂછપરછ કરી હતી. જેમાં તેણે પોતાની ઓળખ યશવંતસિંહ ઉર્ફે યુવરાજસિંહ સજ્જનસિંહ ઘરીયા અને નાના સાંજાનો રહેવાસી હોવાનું જણાવ્યું હતું. તેની પાસે રહેલી બાઈકના દસ્તાવેજો માગવામાં આવતાં તે ગલ્લાતલ્લા કરવા લાગ્યો હતો. ઈ-ગુજકોપમાં મોટરસાયકલનો આરટીઓ રજીસ્ટ્રેશન નંબર ચકાસતા બાઈક ચોરીનું હોવાનું તથા ઝઘડિયા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયું હોવાનું જણાયું હતું. પોલીસે આરોપીની અટકાયત કરી તેને ઝઘડિયા પોલીસના હવાલે કર્યો હતો. બાઈકનો માલિક સાહિલ પાટણવાડીયા ઝઘડિયા યુપીએલ કંપનીમાં કામ કરે છે. મુલદ ચોકડી ઉપર પાનના ગલ્લાની બાજુમાં રાત્રે પાર્કિંગ કરી કંપનીની બસમાં બેસીને નોકરીએ ગયો હતો. સવારે કંપનીથી પરત આવતાં બાઈકમળી આવી ન હતી

**DATE: 06/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

# અંકલેશ્વરમાં ગાંજાના જથ્થા સાથે સગીરની અટક

અંકલેશ્વર : અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસે ગાંજાના જથ્થા સાથે સગીરની અટકાયત કરી રૂ. ૩.૫૦ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર વી.કે.ભુતીયા દ્વારા નશાકારક માદક પદાર્થના ગુનાઓ શોધી કાઢવા કાર્યરત હતા. તે દરમિયાન મળેલી બાતમી આધારે અંકલેશ્વર વાલિયા ચોકડી નજીક હોટલ જવાના નાળા પાસેથી એક સગીર ૪ અલગ-અલગ ટ્રાવેલીંગ બેગ સાથે શંકાસ્પદ હાલતમાં દેખાતા પોલીસની ટીમે સગીર પાસેની બેગોને ચેક કરતા તેમાંથી ગેરકાયદે નશાકારક વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે સગીર પાસેની તમામ બેગ ચેક કરતા તેમાં ખાખી સેલોટેપ મારેલી પેકેટો નંગ ૧૮, કુલ વજન ૩૬.૮ કિ.ગ્રા, જે ૧ કિ.ગ્રા.ની કિંમત રૂ. ૧૦ હજાર ગણી કુલ કિંમત ૩,૬૮,૦૦૦ રૂપિયાના મુદ્દામાલ મળી આવ્યો હતો. જે આધારે અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસે બાળકની ધરપકડ કરી જુવેનાઈલ જસ્ટીસ મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સમગ્ર ઘટનામાં બાળકની કબૂલાત પ્રમાણે તેના સાથીઓ રાહુલ, રાજ,રાકેશ ,પાંડુ તથા એક અજાણ્યા ઈસમને પોલીસે વૉંટેન્ડ જાહેર કરી જેઓને પકડવાની કવાયત શરૂ કરી હતી.

**DATE: 06/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

### રાજકોટ જેલમાં પોલીસ જાપ્તા સાથે રવાના

# નેત્રંગમાં મહિલા બુટલેગરની પાસા હેઠળ અટકાયત કરાઈ

| નેત્રંગ |

ભરૂચ-નર્મદા અને સુરત જિલ્લા સહિત દ.ગુજરાતમાં વિદેશી દારૂની ઘુષણખોરી-હેરાફેરી માટે નેત્રંગને એપીસેન્ટર ગણવામાં આવે છે.નેત્રંગ તાલુકામાંથી અવરનવર મોટા જથ્થામાં વિદેશી દારૂ પકડાવો-હેરાફેરી થતી હોવાની ઘટના પ્રકાશમાં આવતી હોય છે.તેવા સંજોગોમાં નેત્રંગ પોલીસને ફરજ ઉપર ખડેપગે તૈયાર જ રહેવું પડતું હોય છે.

નેત્રંગ ટાઉનના દામલા કંપનીમાં ગીતાબેન સતિષ વસાવા અવરનવર વિદેશી દારૂનું ગેરકાયદેસર વેચાણમાં નામ બહાર આવતા નેત્રંગ પોલીસે પાસાની દરખાસ્ત તૈયાર કરતાં જીલ્લા મેજીસ્ટેટ પાસાના હુકમ કરતાં તાત્કાલિક ધરપકડ કરી રાજકોટ મધ્યસ્થ જેલમાં પોલીસ જાપ્તા સાથે રવાના કરતાં ખળભરાટ મચી જવા પામ્યો હતો.

**DATE: 06/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

# અંકલેશ્વરના રીઢા બૂટલેગરની પાસા હેઠળ ધડપકડ કરાઈ

અંકલેશ્વર, તા. ૫

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે કુખ્યાત બુટલેગરની પાસા ધારા હેઠળ અટકાયત કરી રાજકોટ મધ્યસ્થ જેલ હવાલે કર્યો હતો.

રાજ્યમાં અસામાજીક પ્રવૃતિઓ અટકાવવા બાબતના અધિનીયમ મુજબ પાસા ધારા હેઠળ અટકાયતી પગલા લેવાના ભાગરૂપે અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે રીઢો બુટલેગર જીગ્નેશ ઉર્ફે જીગો કીરીટભાઈ પરીખને ગાર્ડન સીટી,કોસમડી ખાતેથી ઝડપી પાડી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપ્યો હતો.

**DATE: 07/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# અંકલેશ્વરમાંથી મહિલા બૂટલેગર ઝડપાઈ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના પંચાતીબજાર સ્થિત પાંજરાપોળ ખાતે મહિલા બુટલેગર સુશીલા વસાવા ને ત્યાં દરોડા પાડ્યા હતા. ત્યાંદરોડા દરમિયાન દારૂની 48 બોટલ કિંમત રૂપિયા 29 હજારની કિમંતનો દારૂ નો જથ્થો મળી આવ્યો હતો. મહિલા બુટલેગર ની ધરપકડ કરી હતી તેમજ તેના પુત્ર હરેશ વસાવાને વોન્ટેડ જાહેર કરી તેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા હતા.

**DATE: 07/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## 6 મહિનાથી પોલીસને ચકમો આપતો હતો

# અંકલેશ્વરમાં પોકસોના ગુનામાં ફરાર આરોપી આખરે ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ મથકે વોન્ટેડ પોક્સો એક્ટ ના ગુના નો આરોપી ને ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસની ધરપકડથી બચવા છેલ્લા 6 મહિનાથી નાસતો-ફરતો હતો. બી ડિવિઝન પોલીસ મથકે 6 મહિના પૂર્વે શશીકાંત રણજીત પટેલ વિરુદ્ધ પોક્સો એક્ટ હેઠળ ગુનો દાખલ થયો હતો. જે ગુનામાં પોલીસ ધરપકડ થી બચવા માટે છેલ્લા 6 મહિનાથી નાસતો -ફરતો હતો. પોલીસ મથક ના વિવિધ ગુનામાં નાસતા ફરતા આરોપીઓ ને ઝડપી પાડવા માટે પી.આઈ ભૂતિયા દ્વારા માહિતી એકત્ર કરી આરોપી ને ઝડપી પાડવા માટે કવાયત શરુ કરી હતી તે દરમિયાન પોક્સો એક્ટ ના ગુનામાં વોન્ટેડ શશીકાંત પટેલ અંગે ટીમને ચોક્કસ માહિતી મળી હતી કે તે હાલ જીઆઈડીસી ખાતે આવે ટોરકયુઝેટ કંપનીના રૂમ હાજર છે. જે માહિતી આધારે પોલીસ ની એક ટીમ રવાના થઈ હતી. અને આરોપીને ઝડપી લેવાયો હતો. પોલીસ મથકે લઈ આવી તેની વધુ પૂછપરછ સાથે રિમાન્ડની તજવીજ શરુ કરી હતી.

**DATE: 07/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

## નેત્રંગ નગરમાં પોલીસનો સપાટો

# બે મહિલા સહિત ૧૭ બૂટલેગરો સામે પ્રોહિબિશનની કાર્યવાહી

નેત્રંગ,તા.૬

લોકસભાની ચુંટણીને પગલે તાલુકામાં કોઈ અનિછનીય બનાવ ના બને અને ચુંટણી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે પોલીસ તંત્ર દ્વારા સલામતી અને તકેદારીના ભાગરૂપે કાર્યવાહી થઈ રહી છે.

## ૯ બૂટલેગરો વોન્ટેડ, દેશી દારૂની ભઠ્ઠીઓનો નાશ કરાયો

જેના ભાગરૂપે નેત્રંગના પી.આઈ તેમજ સ્ટાફ દ્વારા સતત પ્રેટોલીગ તેમજ વાહન ચેકિંગની કામગીરીની સાથે નેત્રંગ નગર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં સામુહિક રેડની ઝુંબેશ

જેમાં દેશી દારૂની ભઠ્ઠીઓનો નાશ કરી ૮ મહિલા તેમજ ૯ પુરુષ બુટલેગરો મળી કુલ ૧૭ બુટલેગરો સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી અટકાયતી પગલા ભરવામા આવ્યા છે

**DATE: 07/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-12**

# યુવતીને પરેશાન કરતો સુણેવકલ્લાનો અપરિણીત આધેડ

। હાંસોટ ।

હાંસોટ તાલુકાના સુણેવકલ્લા ગામના અપરણિત આધેડ અલ્પેશ જમીયત પટેલે ગામની યુવતીને છેલ્લા એક વર્ષ અગાઉથી મોબાઈલ કોલ તથા મેસેજ થી હેરાન કરતો હતો અને તેની હિંમત વધતાં તેણે યુવતીનો પીછો કરવાનું શરૂ કર્યુ હતું. છોકરીના ભાઈને આ વાતની ખબર પડતાં તે અલ્પેશ જમીયત પટેલને સમજાવવા જતાં તેને પણ મારવાની વાત કરી હતી. યુવતીના પિતાને તો ટ્રેકટર નીચે કચડીને મારી નાંખવાની ધમકી આપી હતી. છેલ્લા એક વર્ષથી યુવતીના પરિવાર આ બાબતે વારંવાર પોલીસ સ્ટેશનના ધક્કા ખાતા રહ્યા પણ હાંસોટ પોલીસે કોઈ કાર્યવાહી કરી ન હતી. આ અંગે ચાલતી ચર્ચાઓ મુજબ આ આધેડ અલ્પેશ જમીયત પટેલ મોટી વગ ધરાવતો હતો તેથી પોલીસ આવી મહત્વની ઘટનાને ગંભીરતાથી લેતી નહોતી પણ હાલ જ્યારે નવા પોલીસ અધિકારી આવ્યા તો તેઓએ તેને ગંભીરતાથી લઈ આરોપી અલ્પેશ જમીયત પટેલ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. અને યુવતીને ન્યાય અપાવવાની ખાતરી આપી હતી. નવા આવેલા પોલીસ અધિકારીએ અપરણીત આધેડની હેરાનગતિથી વાજ આવેલી યુવતીની વ્હારે આવી ન્યાયિક કાર્યવાહી હાથ ધરી આધેડ સામે ગુનો નોંધતા અધિકારીના આ પગલાંની સરાહના થઈ રહી છે.

**DATE: 07/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-08**

# ભરૂચ બેઠક માટે ૨૮૦૦ પોલીસકર્મી તૈનાત રહેશે

ભરૂચઃ ભરૂચ એક સંવેદનશીલ નગર છે. ભરૂચ લોકસભા બેઠકમાં વસાવા ઉમેદવારોનો ત્રિકોણીયો જંગ જામશે. ત્રણ મુખ્ય ઉમેદવાર ભાજપના મનસુખ વસાવા, આપના ચૈતર વસાવા અને ભારતીય ટ્રાયબલ પાર્ટીના દિલીપ વસાવા લોકસભાની ફાઈટ છે. કોઈ અનિચ્છનીય બનાવ ન બને એ માટે ભરૂચ પોલીસના ૨૮૦૦ કરતા વધુ પોલીસકર્મીઓ અને અધિકારીઓ ખડેપગે તૈનાત કરી દીધા છે.

ભરૂચ જિલ્લા પોલીસ વડા મયૂર ચાવડાએ ચૂંટણી દરમિયાન કોઈ અનિચ્છીય ઘટના ન બને એ માટે ઘણા દિવસો અગાઉથી કવાયત શરૂ કરાવી દીધી હતી. પોલીસે ૫૯ કરતાં વધુ લોકો સામે પાસા અને ૧૧૬ લોકો સામે તડીપારની કાર્યવાહી કરી છે. આચારસંહિતા દરમિયાન પ્રોહિબિશન એક્ટ ૨૭૧૭ કેસ, NDPS એક્ટના ૪ કેસ, આર્મ્સ એક્ટ (હથિયાર)માં ૫ કેસ, નાસતા ફરતા આરોપીને ૧૧૮ આરોપી, પેરોલ જમ્પમાં ૧ આરોપી મળી કુલ ૮૪૧૮ અટકાયતી પગલાં ભર્યાં છે. આ ઉપરાંત બિનહિસાબી ૨૭ લાખ રૂપિયા ઝડપી પાડી તેને સીઝ કર્યા છે. પોલીસ વડાએ સ્પષ્ટતા કરી છે કે કાયદો અને વ્યવસ્થાના મુદ્દે પોલીસ કોઈપણ પ્રકારની બાંધછોડ કરશે નહીં.

**DATE: 07/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

# ઝઘડિયામાં મતદાનના બે દિવસ પહેલાં પોલીસની ફ્લેગમાર્ચ યોજાઇ



**ઝઘડિયા** | આદિવાસી સમાજની બહુલ વસતી ધરાવતાં ઝઘડિયા તાલુકામાં લોકસભાની ચૂંટણીનું મતદાન શાંતિપૂર્ણ માહોલમાં થાય તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવશે. ગુજરાત પોલીસની સાથે ઓરિસ્સા પોલીસના જવાનોની ટુકડી પણ ઝઘડિયા આવી પહોંચી છે. પોલીસ જવાનોને આ વિસ્તારની ભૌગોલિક સ્થિતિની જાણકારી મળી રહે તે માટે ફ્લેગમાર્ચ યોજવામાં આવી હતી.

**DATE: 08/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# ચાવજમાં દારૂ સાથે બૂટલેગર ઝડપાયો

ભરૂચ । ભરૂચના ચાવજ ગામે આવેલી રાધાકૃષ્ણા સોસાયટી ખાતે રહેતો નરેશ કિશન કહાર તેના ઘરની બાજુમાં આવેલી બાવળની ઝાડીઓમાં વિદેશીદારૂનો જથ્થો સંતાડી વેચાણ કરે છે. તેવી ચોક્કસ બાતમીના આધારે ટીમ તુરંત સ્થળ પર દોડી ગઈ હતી. રાત્રીના સમયે ટીમે તેને ઝડપી પાડી ટોર્ચના અજવાળે તપાસ કરતાં ત્યાંથી વિદેશીદારૂની 4 બોટલો ભરેલો મિણીયા થેલો મળી આવતાં ટીમે તેની સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 09/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ભરૂચ શીતલ સર્કલ નજીકથી ઝડપી લીધો

# ચાંચવેલમાં ગાંજો આપનારો વલણનો સપ્લાયર સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ચાંચવેલ ગામે તળાવ ફળિયામાં રહેતો સુલેમાન ઉર્ફે બાદશાહ અલ્લીહાજી પટેલ (દોદરા) ઘરે દરોડો પાડી ઘરમાં તપાસ કરતા એક રૂમમાં મિણીયા થેલામાં ભરેલો ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. ટીમે એફએસએલ ટીમની મદદથી ગાંજાનું વજન કરતાં કુલ 27 હજારથી વધુની મત્તાનો 2.768 કિલો ગાંજો હોવાનું માલુમ પડયું હતું.જેમાં પોલીસે ગાંજાનો જથ્થો આપી જનાર વડોદરાના કરજણ તાલુકામાં આવેલાં વલણ ગામના ઈમરાન નામના શખ્સને વોન્ટેડ જાહેર કર્યો હતો. આ ગુનામાં વોન્ટેડ આરોપી ઈમરાન રહેવાસી વલણનો ભરૂચ શીતલ સર્કલ રેલ્વે સ્ટેશન પાછળ હાજર હોય તેને ઝડપી પાડ્યો હતો.પોલીસે તેના વિરુધ્ધ સીઆરપીસી કલમ મુજબ ગુનો નોંધ્યો છે.

**DATE: 10/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ડ્રાઇવરની 4.27 લાખના મુદ્દામાલ સાથે ધરપકડ

# સાંસરોદથી દારૂ ટંકારીયા ગામે પહોંચે તે પહેલાં પોલીસ ત્રાટકી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વડોદરાના સાંસરોદથી દારૂનો જથ્થો ટંકારીયા ગામમાં મોકલવામાં આવી રહયો હોવાની બાતમી મળતાં પાલેજ પોલીસે કિશનાડ જવાના રોડ પર વોચ ગોઠવી હતી. દરમિયાન એક ઈકો કાર આવતાં તેને રોકીને તલાશી લેવામાં આવી હતી. જેમાંથી દારૂની 15 પેટી મળી આવી હતી. જેમાં 180 મિલીના 720 નંગ પાઉચ રાખવામાં આવ્યાં હતાં. કારના ચાલક અને પાલેજના રહેવાસી અક્ષય વસાવાની અટકાયત કરી તેની પૂછપરછ કરવામાં આવતાં તેણે દારૂનો જથ્થો સાંસરોદમાં ઈમરાન કુરેશી પાસેથી લઈને ટંકારીયાના વિજયને આપવા જઈ રહયો હોવાની કબૂલાત કરી હતી. પોલીસે ઈમરાન અને વિજયને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી છે. કાર સહિત કુલ 4.27 લાખનો મુદ્દામાલ કબજે લેવાયો છે. હાલમાં ચૂંટણીને અનુલક્ષીને સઘન ચેકીંગ ચાલી રહયું છે. મતદાન બાદ બુટલેગરો ફરીથી સક્રિય બન્યાં હોય તેમ લાગી રહયું છે.

**DATE: 10/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### અંકલેશ્વરની સેશન્સ કોર્ટે ચૂકાદો આપ્યો

# બાળકી સાથે દુષ્કર્મનો પ્રયાસ કરનાર યુવાનને આજીવન કેદ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

તારીખ 12 ઓગસ્ટ 2010માં અંક્લેશ્વરના સારંગપુર વિસ્તારમાં ઘરની બાજુમાં રમતી 12 વર્ષીય બાળકીને બાજુમાં રહેતો મૂળ યુપીનો રોહિત શંભુ ઠાકુર બાળકીને ચોક્લેટ માટે 10 રૂપિયા આપવાની લાલચ આપી પટાવી ફોસલાવી પોતાના રૂમમાં લઈ ગયો હતો. રૂમમાં બાળકીનું મોઢું દબાવી રાખી તરફડીયા મારતી બાળકી દરવાજા તરફ નહીં ભાગે તે માટે તેના બન્ને પગ દોરીથી બાંધી દીધાં હતાં. ત્રીજી વાર પગ બાંધેલી દોરી છોડી બળજબરી પૂર્વક દુષ્કર્મની કોશિશ કરી હતી.

આ કેસ એડિશનલ એન્ડ ડિસ્ટ્રિક્ટ સેશન્સ જજ વી.જે.કાલોતરાની કોર્ટ સમક્ષ ચાલી જતાં જિલ્લા સરકારી વકીલ પરેશ.પંડયાની દલીલોને ગ્રાહ્ય રાખી આરોપી રોહિત શંભુ ઠાકુરને આજીવન કેદની સજા તથા ભોગ બનનારી બાળકીને 1 લાખની રકમ વળતર તરીકે ચુકવવા હુકમ કર્યો હતો

**DATE: 10/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ભરૂચમાં ઝાડેશ્વરના બ્રિજ પરનો બનાવ, પરિવાર સાથે મેળાપ કરાવવામાં આવ્યો

# ઘરકંકાસથી કંટાળીને કિશોરી કેબલ બ્રિજ પરથી કૂદવા પહોંચી, પોલીસે બચાવી લીધી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચમાં ઘર કંકાસથી કંટાળી નર્મદા નદી પરના કેબલ બ્રિજ ઉપરથી નદીમાં કુદવા ગયેલી કિશોરીને બચાવી પોલીસે કિશોરી અને પરિવારનું કાઉન્સિલીંગ કરી તેના માતા-પિતાને સોંપી હતી.

ભરૂચ સી ડીવીઝનના એએસઆઈ શૈલેષ ગોરધનભાઈ તેમના વિસ્તારમાં હાજર હતા. તે સમય દરમિયાન તેમના મોબાઈલ પર કોલ આવ્યો હતો. જેમાં જણાવ્યું હતું કે,એક કિશોરી નર્મદા નદી પર આવેલા કેબલ બ્રિજ પર ડીવાઈડર બાજુમાં નર્મદા નદી તરફ મો રાખીને બ્રીજની કિ નારી ઉપરથી નર્મદા નદીમાં કુદવાનો પ્રયાસ કરી રહી છે. આ માહિતી મળતા જ તેઓ તાત્કાલિક સર્વેલન્સના માણસો અને મહિલા કોન્સ્ટેબલ સાથે નર્મદા નદી પરના કેબલ બ્રીજ પર પહોંચી ગયા હતાં. જ્યાં નદી તરફ મો રાખી બેઠેલી કિશોરીને યુક્તિ- પ્રયુક્તિ થી નદીમાં ન કુદવા સમજાવી બહાર બોલાવી તેનું કાઉન્સીલિંગ કરીને તેણીને તેનું નામ ઠામ પુછતા તેણે પોતાની હકીકત પોલીસને જણાવી હતી. જેમાં તેણે ઘર કંકાસના કારણે જીવનથી કંટાળી ગઈ હોય આત્મહત્યા કરવાનું વિચારી નર્મદા નદીમાં કુદી જવા માટે આવી હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે તેના પરિવારનો સંપર્ક કરી પોલીસ મથકે બોલાવી તેમનું પણ કાઉન્સીલિંગ કરી કિશોરીને પરીવારને સોંપી સુખદ મિલન કરાવી માનવતા મહેકાવી હતી.

**DATE: 11/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-01**

### ભરૂચ LCBની બૂટલેગરો પર લાલ આંખ

# કિશનાડથી ઠિકરિયા ગામ વચ્ચેથી કારમાંથી દારૂ ઝડપાયો

## મુદ્દામાલ સાથે એકની અટક, બે વૉન્ટેડ

| ભરૂચ |

ભરૂચ જિલ્લા પોલીસવડા મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ પોલીસે દારૂની બદી સામે લાલ આંખ કરતા બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. લાખો રૂપિયાના દારૂ અને મુદ્દામાલ સાથે એક આરોપી ઝડપાયો હતો જયારે બે આરોપી વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા હતા.

ભરૂચ તાલુકાના કિશનાડથી ઠીકરીયા ગામ જતા રસ્તા પર ઈકો કારમાં દારૂની હેરાફેરી થઈ રહી હતી જેની બાતમી એલસીબી પોલીસની ટીમને મળતા જ ટીમે ઈકો કાર ઝડપી તેમાંથી દારૂ ભરેલ પેટી નંગ ૧૫ કિંમત રૂા.૭૨ હજાર અને ઈકો સાથેનો મુદ્દામાલ મળી કુલ રૂા.૪.૨૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ભરૂચ એલસીબીના પીએસઆઈ ડી.એ.તુવરની ટીમ પાલેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન માહિતી મળી હતી કે, સફેદ કલરની ઈકો કારમાં એક વ્યકિત ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરી ઠીકરીયા ગામ તરફ આવનાર છે જેથી પોલીસે કીશનાડ ગામથી ઠીકરીયા ગામ તરફ જતા રોડ પર વોચ ગોઠવી હતી.

વોચ દરમ્યાન બાતમી મુજબની ઈકો કાર આવતા તેને રોકી તેની તપાસ કરતા તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂના બોક્ષ નંગ ૧૫ જેમાં ૧૮૦ મીલીના પાઉચ નંગ ૭૨૦ મળી કુલ ૭૨૦૦૦ નો મુદ્દામાલ ઝડપી પાડયો હતો. પોલીસે ઈકો કાર ચાલક અક્ષય ઉર્ફે દશરથ સુરેશ વસાવાને મુદ્દામાલ વિશે પુછતા ટંકારીયા ગામના વિજયના કહેવાથી સાંસરોદ મુકામેથી ઈમરાન કુરેશી પાસેથી ઈકો ગાડીમાં દારૂ ભરી ટંકારીયા આપવા જતો હોવાની કેફીયત રજુ કરી હતી. હાલમાં આ મામલે એલસીબીએ દારૂ મંગાવનાર અને દારૂ મોકલનારને વોન્ટેડ જાહેર કરી તેમને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી છે.

**DATE: 11/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-08**

# કાપોદ્રા નજીક શંકાસ્પદ ભંગાર સાથે એક આરોપીની અટકાયત

**ભરૂચ** SOGની કાર્યવાહી, ૩.૩.૪૬ લાખનો મુદ્દામાલ કબજે કરાયો



ભરૂચ: અંકલેશ્વર નજીક કાપોદ્રા ગામ બાજથી રોશની એસ્ટેટ જવાના રોડ પર એક ટેમ્પો જતો ભરૂચ SOGએ રોક્યો હતો. ટેમ્પો ચેક કરતાં એસએસ પાઇપ, એસએસ સળિયા, ટાંકી અને એસએસ સ્ટીલનો ૩.૧.૪૬ લાખનો શંકાસ્પદ ભંગાર મળી આવ્યો હતો.

ભરૂચ SOGની ટીમ અંકલેશ્વર GIDC વિસ્તારમાં પેટ્રોલિંગ કરતી હતી. એ વખતે બાતમી આધારે કાપોદ્રા ગામથી રોશની એસ્ટેટ તરફ જવાના રસ્તા ઉપર એક ટેમ્પો નં.(GJ-૧૬ AU-૪૪૦૨) જતો હોવાથી તેને રોક્યો હતો, ટેમ્પો ચેક કરતાં અંદર એસએસના પાઈપ્સ, એસએસના સળિયા, ટાંકી અને એસએસ સ્ટીલ મળીને ૧૪૬૦ કિલોગ્રામ શંકાસ્પદ ભંગાર જેની કિંમત ૩.૧.૪૬ લાખનો ખરીદ બિલ કે આધાર પુરાવા મળ્યા ન હતા. પોલીસે શંકાસ્પદ ભંગાર અને ટેમ્પોની કિં.૩.૨ લાખ મળી કુલ ૩.૩.૪૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે ટેમ્પોમાંથી મો.મુસ્તાક મો.ખાલિક શેખ (ઉ.વ.૬૪) (હાલ રહે., હાફેજીના રૂમમાં, અંસાર માર્કેટ, અંકલેશ્વર, મૂળ રહે., ઉત્તર પ્રદેશ)ની અટકાયત કરી અંકલેશ્વર GIDCમાં સીઆરપીસી એક્ટ હેઠળ વધુ કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 12/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-03**

### ગોડાઉનમાં પોલીસના દરોડામાં સામાન મળ્યો હતો

# અંકલેશ્વરની મુંદ્રા ડેનિમ કંપનીમાં ચોરીમાં વધુ એક આરોપી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં 14 મી એપ્રિલના રોજ પદ્માવતી નગરમાં રોશનસિંગના ગોડાઉનમાં એલસીબીએ દરોડા પાડયાં હતાં. જેમાં ઈલેક્ટ્રિક મોટર તથા તાંબાના વાયરો તથા નાનો મોટો લોખંડનો સામાન મળી આવ્યો હતો. ભંગારીયાએ તેના મિત્રોએ મુંદ્રા કંપની કે જે બંધ હાલતમાં છે તેમાંથી ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. આ ગુનામાં મિત, મિથિલેશ, મરઘી, અને જીતેન્દ્ર ને વોન્ટેડ જાહેર કરી તેમની ધરપકડનાચક્રો ગતિમાન કર્યા હતાં અને એક પછી એક આરોપીને ઝડપીને જેલભેગા કરાયાં હતાં. આ કેસમાં જીતેન્દ્રને પદમાવતી નગરમાંથી ઝડપી લેવાયો છે.

**DATE: 12/05/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-08**

# ચેક બાઉન્સની સજા બાદ વોન્ટેડને ભરૂચ એ-ડિવિઝન પોલીસે દબોચી લીધો



ભરૂચ: ચેક બાઉન્સની સજાથી બચવા નાસતા-ફરતા આરોપીને એ-ડિવિઝન પોલીસે ભરૂચના સુપર માર્કેટની સામે આવેલ ધીકુડીયા વિસ્તારમાંથી ઝડપી પાડ્યો છે.

પોલીસના ઉચ્ચાધિકારીઓની સૂચના તથા માર્ગદર્શનથી નાસતા-ફરતા આરોપીઓને શોધી કાઢવાની કવાયત હાથ ધરવામાં આવી હતી. જેના સંદર્ભે ભરૂચ શહેર એ-ડિવિ. પોલીસ સ્ટાફને માહિતી મળેલ કે, ધી નેગોસીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબના ક્રિમીનલ કેસ નં.૩૩૮૦/૨૦૨૩ના કામમાં ભરૂચ કોર્ટના અધિક જ્યુડીશયલ મેજી. દ્વારા છ માસની સજા પામેલ આરોપી અર્જુન ગોવિંદભાઈ વણકર (ઉ.વ.૨૮) સજા, ધરપકડથી બચવા છેલ્લા ચાર મહિનાથી ભાગતો ફરે છે. જેનું પગેરું મેળવી પોલીસે આરોપીને ઝડપી પાડી તેના વિરુદ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરી ભરૂચ સબ જેલ ખાતે મોકલી આપ્યો હતો.